જે. રંજીથકુમાર, આઇ.એ.એસ.
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર

સત્યમેવ જયતે

समग्र शिक्षा
Samagra Shiksha
**ગુજરાત શાળા શિક્ષણ પરિષદ**

No. SS/2025-26/૮૭૫૦ - ૮૮૨૦ Date:17.02.26

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા : તમામ
જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
સમગ્ર શિક્ષા ,જિલ્લા : તમામ
અધિક જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટર અને શાસનાધિકારીશ્રી, મ્યુનિ. સ્કૂલ બોર્ડ,
મ્યુનિ કોર્પોરેશન અમદાવાદ,વડોદરા,સુરત અને રાજકોટ.

**વિષય :સમગ્ર શિક્ષા અંતર્ગત જિલ્લાઓ તથા શાળાઓમાં ઓછો ખર્ચ થવા બાબતે.**

શિક્ષા મંત્રાલય, ભારત સરકાર દ્વારા સરકારી શાળાઓમા શૈક્ષણિક ગુણવત્તા સુધારણા તેમજ બાળકોના સર્વાંગી વિકાસ માટે અલગ અલગ કાર્યક્રમો અમલમાં મુકવામાં આવેલ છે. આ કાર્યક્રમોનું સૂચારૂ અમલીકરણ થઇ શકે તે માટે કરવાની થતી વિવિધ પ્રવૃત્તિઓ માટે સમગ્ર શિક્ષા કચેરીને વિવિધ પ્રકારની ગ્રાન્ટ આપવામા આવે છે.

સમગ્ર શિક્ષા અંતર્ગત ફાળવવાની થતી ગ્રાન્ટ તેમજ નિયત સમયમર્યાદામાં સંબંધિત કમ્પોનન્ટની કામગીરી પૂર્ણ થઇ શકે તે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ બજેટમાથી સમગ્ર શિક્ષા પ્રાથમિક શાળાઓ અને માધ્યમિક શાળાઓને ZBA (Zero Balance Account)માં વર્ષ દરમિયાન ફાળવવાની થતી ગ્રાન્ટ પૈકી નીચે મુજબની ગ્રાન્ટ ફાળવેલ હતી.

- તા૧૯.૦૫.૨૫ના રોજ ચાઈલ્ડ લીમીટ રૂપિયા ૧૬૩,૯૨,૮૧,૨૫૦.૦૦ અને ડીસ્ટ્રીક લીમીટ રૂપિયા ૧૧૬,૮૭,૮૧,૭૪૭.૦૦ આમ કુલ રૂપિયા ૨૮૦,૮૦,૬૨,૯૯૭.૦૦ફાળવેલ છે
- તા૨૯.૦૮.૨૫ના રોજ ચાઈલ્ડ લીમીટ રૂપિયા ૧૨૮,૮૪,૭૦,૭૫૦.૦૦ અને ડીસ્ટ્રીક લીમીટ રૂપિયા ૯૬,૧૮,૨૩,૨૬૪.૦૦ આમ કુલ રૂપિયા ૨૨૫,૦૨,૯૪,૦૧૪.૦૦ફાળવેલ છે
- તા૧૭.૧૨.૨૫ના રોજ ચાઈલ્ડ લીમીટ રૂપિયા ૩૫,૦૨,૭૩,૧૨૫.૦૦ અને ડીસ્ટ્રીક લીમીટ રૂપિયા ૬૨,૩૭,૦૨,૮૦૦.૦૦ આમ કુલ રૂપિયા ૯૭,૩૯,૭૫,૯૨૫.૦૦ ફાળવેલ છે
- તા૧૩.૦૨.૨૬ના રોજ ચાઈલ્ડ લીમીટ રૂપિયા ૩૫,૦૨,૭૩,૧૨૫.૦૦ અને ડીસ્ટ્રીક લીમીટ રૂપિયા ૬૨,૩૭,૦૨,૮૦૦.૦૦ આમ કુલ રૂપિયા ૯૭,૩૯,૭૫,૯૨૫.૦૦ ફાળવેલ છે



Scanned with OKEN Scanner

ઉપરોક્ત તમામ ગ્રાન્ટ આદેશોમાં ૭૫% થી વધુ ખર્ચ થઈ ગયાના આધાર સાથે ગ્રાન્ટની માંગણી થયેથી અત્રે ઉપલબ્ધ ગ્રાન્ટ લિમિટમાંથી લિમિટ ફાળવી આપવામાં આવશે તેમ દર્શાવવામાં આવેલ છે.PM SHRI યોજના અંતર્ગત ફાળવવાની થતી ગ્રાન્ટ પૈકી નીચે મુજબની ગ્રાન્ટ ફાળવેલ છે

- તા૨૩.૦૫.૨૫ના રોજ **ચાઈલ્ડ લીમીટ રૂપિયા ૧૬,૭૮,૦૦,૦૫૦.૦૦ અને ડીસ્ટ્રીક લીમીટ રૂપિયા ૬૮,૦૪,૩૭૫.૦૦ આમ કુલ રૂપિયા ૧૭,૪૬,૦૪,૪૨૫.૦૦ PFMS પર ફાળવેલ છે**
- તા૧૮.૦૯.૨૫ના રોજ **ચાઈલ્ડ લીમીટ રૂપિયા ૨૫,૭૨,૪૦,૩૪૦.૦૦ અને ડીસ્ટ્રીક લીમીટ રૂપિયા ૪૫,૧૩,૭૫૦.૦૦ આમ કુલ રૂપિયા ૨૬,૧૭,૫૪,૦૯૦.૦૦ SNA SPARSH** પર ફાળવેલ છે
- તા૦૭.૦૨.૨૬ના રોજ **ચાઈલ્ડ લીમીટ રૂપિયા ૧૦,૩૭,૭૭,૬૭૯.૦૦ SNA SPARSH પર ફાળવેલ છે**

**વધુમાં PM SHRI યોજના SNA SPARSH અંતર્ગત માંગણી થયેથી વખતોવખત અત્રેથી ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવેલ છે.**

Ministry of Education, ભારત સરકારશ્રીની સૂચના અનુસાર સરકાર દ્વારા ફાળવેલ ગ્રાન્ટનો ઓછામાં ઓછો ૭૫% ખર્ચ થયા બાદ જ આગામી હપ્તાની ગ્રાન્ટની માંગણી કરી શકાય છે. પરંતુ જિલ્લા કચેરીઓ તથા શાળાઓ દ્વારા નિર્ધારિત સમયમર્યાદામાં નિયત પ્રવૃત્તિઓમાં ખર્ચ પૂર્ણ ન થઈ શકવાના સંજોગોમાં અત્રેથી ક્રમશઃ દરેક તબક્કે સમગ્ર શિક્ષા તથા PM SHRI યોજના અંતર્ગત દરખાસ્ત મોકલવામાં વિલંબ થયેલ છે. હાલ ફેબ્રુઆરી માસ પૂર્ણ થવાની સ્થિતિમાં ચોથા હપ્તાની દરખાસ્ત/ PM SHRI અંતર્ગત MOTHER SANCTIONની દરખાસ્ત કરવામાં પણ વિલંબ થઈ રહેલ છે. નાણાકીય વર્ષના અંત સમયે ગ્રાન્ટ પ્રાપ્ત થવાના સંજોગોમાં મંજુર બજેટ અંતર્ગતની પ્રવૃત્તિઓમાં/Component વાઈસ ઉપયોગ થઈ શકશે નહિ તથા RECURRING ગ્રાન્ટ લેપ્સ થવાના સંજોગોમાં જવાબદારીના પ્રશ્ન ઉદ્ભવશે.

સદર બાબતે આપની તાબાની કચેરી/શાળાઓમાં સમયમર્યાદામાં યોજનાનું અમલીકરણ કરાવવા તથા બજેટ જોગવાઈની સામે પ્રબંધ પોર્ટલ પર ખર્ચ બુક કરાવવામાં થઈ રહેલ વિલંબ બદલની આપની "જવાબદારી બજાવવામાં થઈ રહેલ નિષ્કાળજી" ની આપની કામગીરી અંગેના મૂલ્યાંકન અહેવાલમાં નોંધ લેવા તમારી કેડર કંટ્રોલિંગ ઓથોરીટીને જાણ કરવામાં આવશે તેની ગંભીર નોંધ લેવા જણાવવામાં આવે છે.

ઉપરોક્ત બાબતો ધ્યાને લઈ અત્રેથી ફાળવેલ ગ્રાન્ટનો નિયત સમયમર્યાદામાં પ્રબંધ પોર્ટલ પર ખર્ચ થાય તે સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે.

સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા,ગાંધીનગર.

Scanned with OKEN Scanner